"Aarya Elite-2" એ નામની યોજનામાં આવેલ ટાવર નં. ___ માં માળે આવેલ ફ્લેટ/દુકાન નં. _____ વાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ રૂા. _______/– અંકે રૂપીયા ____________________ પુરાનો.

આજરોજ તા. – –૨૦૧૮ ના રોજ:–

<u>આ વેચાણ દસ્તાવેજ લખી લેનાર/વેચાણ રાખનાર :–</u>

______________________, (PAN No. __________) ઉ.વ. ___ વર્ષ, ધંધો– _____, રહે. ____________________________. (જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ દસ્તાવેજ લખી લેનાર, મિલ્કત વેચાણ રાખનાર, એ રીતે સંબોધવામાં આવશે, જેના અર્થમાં તેઓ પોતે તથા તેમના વંશ, વાલી, વારસો, ઈત્યાદીનો સમાવેશ થાય છે. તે એકતરફવાળા.

–: તથા :–

<u>અમો આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર/જમીન માલિક :–</u>

(૧) **કાંતીભાઈ પ્રેમજીભાઈ પટેલ,** (PAN No. ACQPP7662K) ઉ.વ. ૬૯ વર્ષ, ધંધો વેપાર/ખેતી, ૬, આશીષ પાર્ક વિભાગ–૩, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા.

(૨) **છોટાલાલ પ્રેમજીભાઈ પટેલ,** (PAN No. AEUPP4183P) ઉ.વ. ૬૬ વર્ષ, ધંધો વેપાર/ખેતી, રહે. ૨૮, અપેક્ષા સોસાયટી, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા.

(૩) **રાકેશભાઈ કાંતિભાઈ પટેલ,** (PAN No. AEKPP5197P) ઉ.વ. ૪૦ વર્ષ, ધંધો–વેપાર/ખેતી, રહે. એ–૪૦૧, સ્પિંગ રીટ્રીએટ–૧, વાસણા ભાયલી રોડ, વડોદરા.

નં. ૩ પોતેજાતે તથા નં. ૧ અને ૨ ના કુલમુખત્યાર તરીકે. (જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ દસ્તાવેજ લખી આપનાર, એ રીતે સંબોધનામાં આવશે, જેના અર્થમાં તેઓ પોતે તથા તેમના વંશ, વાલી, વારસો, ઈત્યાદીનો સમાવેશ થાય છે) તે બીજીતરફવાળા.

–: તથા :–

<u>સંમતી આપનાર/ડેવલોપર્સ :–</u>

Sudhapati Developers Private Limited એ નામની પ્રાઈવેટ લીમીટેડ કં. કે જે કંપનીઝ એક્ટ, ૧૯૫૬ હેઠળ નોંધાયેલ રજીસ્ટર્ડ પ્રાઈવેટ લીમીટેડ કંપની છે. જેની રજીસ્ટર્ડ ઓફીસ: શોપ નં. ૧, ૫–૬, જય ભારત વી.આઈ.પી સોસાયટી, ઉત્કર્ષ સ્કુલ પાછળ, દિવાળી પુરા, રેસકોર્ષ, વડોદરા–૩૯૦૦૦૭ ખાતે આવેલ છે. તેના તર્ફે અને વતી તેના ડાયરેક્ટરો **(૧) શ્રી વાલજીભાઈ લક્ષ્મણભાઈ ભરવાડ,** ઉ.વ. ૪૧ વર્ષ, ધંધો–વેપાર, **(૨) શ્રી કેયુર હસમુખભાઈ પટેલ,** ઉ.વ. ૨૪ વર્ષ, ધંધો–વેપાર. કંપનીનું PAN No. AAZCS9309L છે. (જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં **સંમતી આપનાર/કન્ફરમીંગ પાર્ટી** એ રીતે સંબોધવામાં આવશે, જેના અર્થમાં તેઓ પોતે

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

તથા તેમના વંશ, વાલી, વારસો, ઇત્યાદીનો સમાવેશ થાય છે) તે ત્રીજીતરફવાળા વચ્ચે આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે જેની વિગતો તથા શરતો નીચે મુજબ છે.

૧. અમો બીજીતરફવાળાની સંયુક્ત માલિકી, કબજા ભોગવટાની જમીન કે જે રજી. ડીસ્ટ્રીક્ટ વડોદરા, સબ ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે કલાલી ની સીમના બ્લોક/સર્વે નં. ૨૪૫, જેનો જુનો સ. નં. ૨૭૩ છે, જેનું ૭/૧૨ ના ઉતારા મુજબનું ક્ષેત્રફળ ૧-૪૨-૬૬ હે-આરે-ચો.મી. એટલે કે ૧૪,૨૬૬ ચો.મી. છે. તે બીનખેતીની જમીન છે. તે આખી જમીન પૈકી ૨૪૩૫.૦૬ ચો.મી. જમીન ૨૦ મીટરના રોડમાં તથા ૮૯૭.૭૫ ચો.મી. જમીન નાળીયા રોડના સેટ બેકમાં કપાત જતાં બાકી રહેતી ૧૦૯૩૩.૧૯ ચો.મી. જમીન પૈકીની દક્ષિણ દિશા તરફની ૬૮૧૨.૧૭ ચો.મી. જમીન આવેલી છે. તે જમીન બાબત અમો બીજીતરફવાળાએ ત્રીજીતરફવાળાને ડેવલોપમેન્ટ કરાર કરી આપેલ છે. આમ, અમો બીજીતરફવાળાએ ત્રીજીતરફવાળાના લાભમાં સદરહું જમીનનો વિકાસ કરી વેચાણ કરી-કરાવી આપવાના હક્કો સાથેનો ડેવલોપમેન્ટ કરાર કરી આપેલો હોઈ તેઓને સદર વેચાણ દસ્તાવેજમાં સંમતી આપનાર/ત્રીજીતરફવાળા તરીકે જોડેલાં છે. તેમજ તે કરાર મુજબ અમો બીજીતરફવાળાને ત્રીજીતરફવાળા પાસેથી અમારી માલિકીની જમીન પેટેનો અવેજ મળી ગયેલો છે.

૨. સદરહું જમીન મુળ જુની શરતની ખેતીની જમીન હતી. તે જમીનનો બીનખેતીના હેતુ માટે વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા માટે મે. વડોદરાના કલેકટરશ્રીએ તેઓના હુકમ નં. એન.એ./એસ.આર./૩૫૮/૨૦૧૩-૧૪ ન. જમીન-ડી/ કલમ-૬૫/વશી/૨૦૭૯/૧૩ થી તા. ૧૮-૦૯-૨૦૧૩ ના રોજ પરવાનગી આપેલ છે. ત્યારબાદ સદરહું જમીનમાં બાંધકામ કરવા અંગેની જરૂરી પરવાનગી તા. ________ ના રોજ વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ તરફથી વિકાસ પરવાનગી નં. ______________________________ થી આપવામાં આવેલ છે. જે અંગેનો તમામ ખર્ચ ત્રીજીતરફવાળાએ ભોગવેલો છે. અને તે આધારે સદરહું પરીશીષ્ટવાળી જમીનમાં ત્રીજીતરફવાળાએ "Aarya Elite-2" એ નામની રહેણાંક તથા કોમર્શીયલ યોજનાઓનું આયોજન કરેલું છે. અને તે નામ કાયમ માટે રાખવાના છે.

સદર યોજનાનું The Real Estate (Regulation and Development) Act, 2016 મુજબ નિયમનકારી સત્તા મંડળ સમક્ષ નોંધણી કરાવેલ છે, જેનો રજી. નં. ______________________________ તા. __________ ના રોજ આપવામાં આવેલ છે.

સદર યોજના પૈકી "Aarya Elite-2" નામની યોજનામાં આવેલ ટાવર નં. ______ માં __________ માળે આવેલ ફ્લેટ/દુકાન નં. _______ વાળી મિલ્કત અમો બીજીતરફવાળા અને ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી છે. જેનું વિગતવાર વર્ણન આ સાથેના પરિશીષ્ટમાં સામેલ છે.

૩. સદરહું આ સાથેના પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત એટલે કે ફ્લેટ/દુકાન નં. ________ વાળી મિલ્કત અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને રૂા. __________/- અંકે રૂપીયા ___

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

___________________ પુરામાં અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ વેચાણ આપેલ છે અને તે સંપૂર્ણ અવેજની રકમ તમો એકતરફવાળાએ સદર વેચાણ દસ્તાવેજમાં સંમતી આપનાર તરીકે જોડેલાં ત્રીજીતરફવાળાને ચુકવેલી છે. કારણ કે અમો બીજીતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજમાં સંમતી આપનાર તરીકે જોડેલાં ત્રીજીતરફવાળા પાસેથી તેઓના લાભમાં અમો બીજીતરફવાળાએ અમારી સંયુક્ત માલિકી, કબજા–ભોગવટાની જમીન બાબત કરી આપેલ કરાર મુજબ અમારી માલિકીની જમીનની અવેજની રકમ મળી ગયેલ છે. તેથી સદરહું મિલ્કતની સંપૂર્ણ વેચાણ અવેજની રકમ અમો બીજીતરફવાળાની સંમતીથી ત્રીજીતરફવાળાને તમો એકતરફવાળા પાસેથી નીચેની વિગતે મળેલ છે.

રૂા. /– તા. __________ ના રોજ ____________ બેંકના ચેક નં. __________ થી મળી ગયેલાં છે.

રૂા. /– તા. __________ ના રોજ ____________ બેંકના ચેક નં. __________ થી મળી ગયેલાં છે.

____

રૂા. /– અંકે રૂપિયા ______________________ પુરા.

આમ, અમો સંમતી આપનાર ત્રીજીતરફવાળાને તમો એકતરફવાળા પાસેથી ઉપર પ્રમાણે વેચાણનો સંપુર્ણ અવેજ મળી ગયેલો છે. અને સદરહું મિલ્કતના વેચાણ અવેજ પેટે બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ હવે પછી બીજી કોઈ રકમ તમો એકતરફવાળા પાસેથી લેવાની રહેતી નથી. ઉપર પ્રમાણે ચુકવેલ અવેજના બદલામાં ઉપરોક્ત મિલ્કતનો પ્રત્યક્ષ કબજો તમો એકતરફવાળાને આજરોજ સોંપેલ છે. જે તમો એકતરફવાળાએ સંભાળી પણ લીધેલો છે. તેમજ સદરહું અમો બીજીતરફવાળાની જમીનમાં બાંધકામ કરવા અંગેની જરૂરી વિકાસ પરવાનગી ત્રીજીતરફવાળા તેઓના ખર્ચે લાવેલ છે અને તે મુજબ ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને વેચાણ આપેલ મિલ્કતનું બાંધકામ કરેલું છે. તેથી તમો એકતરફવાળાને વેચાણ આપેલ મિલ્કતના બાંધકામની ગુણવત્તાની જવાબદારી તથા તેમાં વાપરવામાં આવેલ મટીરીયલ્સ અને સ્ટ્રકચર ડીઝાઈન અંગેની જવાબદારી અમો બીજીતરફવાળાની રહેશે નહિ એટલે કે તે અંગેની સઘળી જવાબદારી ત્રીજીતરફવાળાની છે અને રહેશે.

૪. સદર આ સાથેના પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો સાથે તથા તેને લાગતા વળગતા સર્વે પ્રકારના હક્કો સાથે તેમજ તેમા જવા–આવવાના, પાણીના નિકાલ વહનના તમામ પ્રકારના હક્કો સાથે તમો એકતરફવાળાને વેચાણ આપેલી છે. અને તેથી સદરહું મિલ્કતના આજથી તમો એકતરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો, સ્વતંત્ર માલીક અને કબજેદાર થયેલાં છો. તેમજ તે મિલ્કતનો માલીકી હક્કે વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા તથા તે મિલ્કત વેચાણ, ગીરો, બક્ષીસ યા ઈતર બીજી કોઈ રીતે તબદીલ કરવા તેમજ તે મિલ્કતનો વહીવટ/વ્યવસ્થા કરવા તમો એકતરફવાળા હક્કદાર અને અધિકારી થયા છો. અને હવે પછીથી સદરહું મિલ્કત કે તેના કોઈ ભાગ પર અમો લખી આપનારાઓનો કે અમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદીનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિત, સબંધ કે અધિકાર રહેશે નહી.

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

૫. સદરહું તમો એકતરફવાળા આ વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલી મિલકતના માલીક તરીકે જરૂરી રેવન્યુ રેકોર્ડમાં/સરકારી કે અર્ધ સરકારી કચેરીના રેકોર્ડમાં તમો વેચાણ લેનાર/એકતરફવાળા તમારા સ્વતંત્ર નામે દાખલ કરવા હક્કદાર અને અધિકારી થયેલા છો અને તે અંગેનો ખર્ચ અમો બીજીતરફવાળાએ ભોગવવાનો છે. અને તે અંગે જરૂરી સહી, સંમતી અમો લખી આપનારાઓ કરી આપવા બંધાયેલા છે. સદરહું મિલકત અંગે વિકાસ ચાર્જીસ, કોર્પો. ટેક્ષ, મહેસુલ વિગેરે જે કાંઈ લાગત ભરવાની આવે તે ઇલાયદી ભરવાની જવાબદારી તથા આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ, જેવો કે સ્ટેમ્પ ફી, નોંધણી ફી, વકીલ ફી વિગેરે ભરવાની તમો એકતરફવાળાની જવાબદારી છે.

૬. સદરહું જમીન પર જે યોજના મુકવામાં આવેલી છે તે **"Aarya Elite-2"** ના નામથી ઓળખાશે અને સદરહું યોજનાના નામમાં ફેરફાર કરવા-કરાવવા અંગે કોઈપણ યુનીટ વેચાણ રાખનાર/સભ્ય/મિમ્બર્સને કોઈ હક્ક કે અધિકાર નથી તથા સદર યોજનાના તમામ સભાસદો ભેગા મળી કોઈ વિકાસ મંડળ કે એસોશીએશનની રચના કરે તો તેમાં વેચાણ લેનાર/રાખનારે ફરજીયાત પણે સભાસદ થવાનું છે. અને તે અંગે જરૂરી દાખલ ફી તથા વરાડે પડતા ખર્ચની રકમ જરૂર પડે ત્યારે તે ફરજીયાત આપવાની રહેશે. સદરહું જમીનમાં બાંધકામ કરવા અંગે વડોદરા મહાનગરપાલિકામાંથી મંજુર કરેલા નકશા મુજબ દર્શાવેલ કોમન પ્લોટ, કોમન રસ્તા વિગેરે તેમજ સામુહિક વપરાશની તમામ ચીજ વસ્તુઓનો વાપર, ઉપભોગ, ઉપયોગ સદરહું યોજનાના તમામ માલીકોએ વ્યવસ્થિત રીતે સહીયારો કરવાનો છે. તેમજ તેની નિભાવણી, મરામત નવીન લાવવા અંગેનો તમામ ખર્ચ વિગેરે સદરહું યોજનાના તમામ માલીકોએ વરાડે પડતો ભોગવવાનો છે. તેવી સ્પષ્ટ શરતથી સદર વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલો છે.

૭. સદરહું યોજના માટેના વડોદરા મહાનગરપાલિકામાં મંજુર કરાવેલ નકશા મુજબ આયોજન કરવામાં આવેલ યોજનામાં જવા-આવવાના આંતરીક રસ્તામાંથી કે બીજના માર્જીનમાંથી પસાર થતી ઇન્ટરનલ સહીયારી ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટની લાઈનો લાવવા-લઈ જવા તેનો વાપર, ઉપયોગ સહીયારી રીતે કોઈને અડચણ કે અંતરાય ન પડે તે રીતે કરવાનો છે અને ભવિષ્યમાં તેનો જરૂરી રીપેરીંગ, મરામત ખર્ચ ખામીયુક્ત લાઈનવાળા જે તે સભ્યએ જ કરવાનો છે અને તે અંગે આજુબાજુના તમામ સભાસદોએ જરૂરી તમામ સાથ અને સહકાર કોઈપણ જાતનો વાંધો લીધા સિવાય આપવાનો છે. સદર યોજના માટે તથા રોડ-રસ્તા સહિતની તમામ સુવિધા માટે ડેવલોપર્સે કરેલા આંતરીક ફેરફારો તથા યોજનાની તમામ શરતો યોજનાના તમામ સભ્યોએ માન્ય રાખવાના રહેશે. તે બાબત કોઈપણ સભ્યોએ કોઈપણ જાતનો વાંધો કે તકરાર ઉઠાવવાની નથી કે તકરાર કરવાની નથી. તેવી સ્પષ્ટ શરત આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે.

૮. (અ) સદર 'Aarya Elite-2" નામની રહેણાંક તથા કોમર્શીયલ યોજના પૈકી ટાવર નં. 'A અને B' માં કોમર્શીયલ યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બર્સે પોતાના વાહનો તેઓના યુનીટના આગળના ભાગમાં આવેલ પાર્કીંગની જગ્યામાં અન્ય કોઈ સભ્ય/મેમ્બર્સને અડચણ ન પડે તે રીતે પાર્ક કરવાના છે

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

અને રહેશે. તેમજ સદર "Aarya Elite-2" નામની કોમર્શીયલ તથા રહેણાંક યોજના પૈકી ટાવર નં. 'A અને B' માં રહેણાંક યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બર્સે તેઓના વાહનો તેઓએ વેચાણ રાખેલ યુનીટના ટાવરમાં બેઝમેન્ટમાં આવેલ પાર્કીંગ તથા 'ગ્રાઉન્ડ' ફ્લોરમાં આવેલ પાર્કીંગની જગ્યામાં અન્ય કોઈ સભ્ય/મેમ્બર્સને અડચણ ન પડે તે રીતે પાર્ક કરવાના છે અને રહેશે. એટલે કે સદર 'Aarya Elite-2" નામની યોજનામાં કોમર્શીયલ યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બર્સ સદર ટાવર નં. 'A અને B' માં બેઝમેન્ટમાં આવેલ પાર્કીંગ તથા ગ્રાઉન્ડ ફ્લોરમાં પાછળના ભાગે આવેલ પાર્કીંગ તેમજ ટાવર નં. 'C, D, E, F, G અને H' ના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ પાર્કીંગની જગ્યામાં તેઓના વાહનો પાર્ક કરી શકશે નહિં કે મુકી શકશે નહિં તથા રહેણાંક યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બરો સદર ટાવર નં. 'A અને B' માં ગ્રાઉન્ડ ફ્લોરમાં આગળના ભાગે આવેલ પાર્કીંગની જગ્યામા તેઓના વાહનો પાર્ક કરી શકશે નહિં કે મુકી શકશે નહિં.

(બ) સદર 'Aarya Elite-2" નામની રહેણાંક તથા કોમર્શીયલ યોજના પૈકી ટાવર નં. 'C, D અને E' માં કોમર્શીયલ યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બર્સે પોતાના વાહનો તેઓના યુનીટના આગળના ભાગમાં આવેલ પાર્કીંગની જગ્યામાં અન્ય કોઈ સભ્ય/મેમ્બરને અડચણ ન પડે તે રીતે પાર્ક કરવાના છે અને રહેશે. તેમજ સદર "Aarya Elite-2" નામની કોમર્શીયલ તથા રહેણાંક યોજના પૈકી ટાવર નં. 'C, D અને E' માં રહેણાંક યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બર્સે તેઓના વાહનો તેઓએ વેચાણ રાખેલ યુનીટના ટાવરમાં 'ગ્રાઉન્ડ' ફ્લોરમાં આવેલ પાર્કીંગની જગ્યામાં તથા ટાવર નં. 'A અને B' માં બેઝમેન્ટમાં આવેલ પાર્કીંગની જગ્યામાં અન્ય કોઈ સભ્ય/મેમ્બરને અડચણ ન પડે તે રીતે પાર્ક કરવાના છે અને રહેશે. એટલે કે સદર 'Aarya Elite-2" નામની યોજનામા કોમર્શીયલ યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બરો ટાવર નં. 'A અને B' માં બેઝમેન્ટમાં આવેલ પાર્કીંગ તથા ગ્રાઉન્ડ ફ્લોરમાં પાછળના ભાગે આવેલ પાર્કીંગ તથા ટાવર નં. 'C, D, E, F, G અને H' ના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ પાર્કીંગની જગ્યામાં તેઓના વાહનો પાર્ક કરી શકશે નહિં કે મુકી શકશે નહિં તથા રહેણાંક યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બર્સ ટાવર નં. 'A, B, C, D અને E' માં' માં ગ્રાઉન્ડ ફ્લોરમાં આગળના ભાગે આવેલ પાર્કીંગની જગ્યામાં તેઓના વાહનો પાર્ક કરી શકશે નહિં કે મુકી શકશે નહિં.

(ક) સદર 'Aarya Elite-2" નામની રહેણાંક તથા કોમર્શીયલ યોજના પૈકી ટાવર નં. 'F, G અને H' માં યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બર્સે પોતાના વાહનો તેઓએ વેચાણ રાખેલ યુનીટના ટાવરમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ પાર્કીંગમાં તથા ટાવર નં. 'A અને B' માં બેઝમેન્ટમાં આવેલ પાર્કીંગની જગ્યામાં અન્ય કોઈ સભ્ય/મેમ્બરને અડચણ ન પડે તે રીતે પાર્ક કરવાના છે અને રહેશે. એટલે કે સદર 'Aarya Elite-2" નામની યોજનામાં કોમર્શીયલ યુનીટ વેચાણ રાખનાર સભ્યો/મેમ્બર્સ ટાવર નં. 'A, B, C, D અને E' માં ગ્રાઉન્ડ ફ્લોરમાં આગળના ભાગે આવેલ પાર્કીંગની જગ્યામા તેઓના વાહનો પાર્ક કરી શકશે નહિં કે મુકી શકશે નહિં.

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

૯. સદર "Aarya Elite-2" નામની યોજનામાં યુનીટ વેચાણ રાખનારાઓએ તેઓના યુનીટમાં આવેલ ડકટ એરીયા કે જેમાંથી પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન, ઈલેકટ્રીક લાઈન/વાયરીંગ, એ.સી. કન્ડયુટની પાઈપો પસાર થાય છે. તે ડકટ એરીયામાં આવેલ પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન, ઈલેકટ્રીક લાઈન/વાયરીંગ, એ.સી. કન્ડયુટની પાઈપોમાં હાલમાં કે ભવિષ્યમાં જ્યારે પણ કોઈપણ જાતનું મરામત/રીપેરીંગ કરાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો સદર "Aarya Elite-2" નામની યોજનામાં નોંધાયેલ તમામ સભ્યો/મેમ્બરો/યુનીટ વેચાણ રાખનારાઓએ તેઓએ વેચાણ રાખેલ યુનીટમાંથી સદર ડકટ એરીયામાંથી પસાર થતી પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન, ઈલેકટ્રીક લાઈન/વાયરીંગ, એ.સી. કન્ડયુટની પાઈપોનું મરામત/રીપેરીંગ કરવા અંગે જે તે મરામત/રીપેરીંગ કરનાર વ્યકિત/કારીગરોને કોઈપણ જાતના વાંધા, તકરાર, રોકટોક કે અડચણ વગર આવવા-જવા દેવા પડશે. તે અંગે સદર "Aarya Elite-2" નામની યોજનામાં યુનીટ વેચાણ રાખનારાઓએ ફરજીયાતપણે સાથ અને સહકાર આપવાનો છે અને રહેશે. તેવી સ્પષ્ટ શરત તથા સમજુતી સાથે સદર વેચાણ દસ્તાવેજ અમો બીજીતરફવાળા અને ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને કરી આપેલો છે.

૧૦. વધુમાં, સદર યોજનામાં આવેલ ટેરેશ/અગાશી સાથેના ફ્લેટ જે તે સભ્ય/મેમ્બર્સને વેચાણ આપવામાં આવ્યા હોય તે ફ્લેટ સાથે આવેલ ટેરેશ/અગાશીમાં તે ફ્લેટ વેચાણ રાખનાર સભ્ય/મેમ્બર્સ કોઈપણ જાતનું પાકુ બાંધકામ કરી શકશે નહિં કે બાંધકામ કરી-કરાવી શકશે નહિં. એટલે કે તે ટેરેશ/અગાશી જે તે સભ્ય/મેમ્બર્સે કાયમી ધોરણે ખુલ્લી રાખવાની છે અને રહેશે. તેવી સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને કરી આપેલો છે.

૧૧. તમો એકતરફવાળાને વેચાણ આપેલ મિલ્કતનો કબજો સુપ્રત કર્યાના ૫ વર્ષના સમયગાળા દરમ્યાન મિલ્કત અથવા "Aarya Elite-2" માં કોઈ સ્ટ્રકચરલ ખામી અથવા કામની ગુણવત્તા તથા કારીગરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી તમો એકતરફવાળા અમો ત્રીજીતરફવાળાની ધ્યાને લાવો અને તે ખામી એકતરફવાળાને લીધે ઉત્પન્ન થયેલ ન હોય તો અમો ત્રીજીતરફવાળાએ શકય હોય ત્યાં સુધી તેવી ખામી અમારા પોતાના ખર્ચે દુર કરી આપવાની રહેશે અને તેવી ખામી દુર કરવાનું શકય ન હોય તો તમો એકતરફવાળા તેવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓ તથા આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધિન ખામી માટેનું વળતર મેળવવા હક્કદાર રહેશો. પરંતુ, તેવી ખામીઓ માટે ત્રીજીતરફવાળાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય અથવા તેવી ખામીઓ માટેનું કારણ ત્રીજીતરફવાળાના નિયંત્રણ બહાર હોય અથવા તેવી ખામી એકતરફવાળાને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય તો તેવી કોઈપણ સ્ટ્રકચરલ ખામી, કારીગરી, સેવાની જોગવાઈ અંગેની ગુણવત્તા અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી તથા તમો એકતરફવાળા કે તમારા થકીના કોઈપણ ઈસમ દ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે તો અમો ત્રીજીતરફવાળા તમો એકતરફવાળાને વળતર ચુકવી આપવાપાત્ર બનશું નહિં કે તેવી ખામી અમો ત્રીજીતરફવાળાના ખર્ચે દુર કરવાની અમો

SUDHAPATI DEVELOPERS PVT.LTD.

Director

ત્રીજીતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહિ. ત્રીજીતરફવાળા દ્વારા એકતરફવાળાને સ્વતંત્ર રીતે તથા બાકીના તમામ સભાસદોના સહિયારા વપરાશ માટે આપવામાં આવેલ સેવા, એમેનીટીઝ, કોમન ફેસીલીટીઝની જાળવણી એકતરફવાળાએ વ્યક્તિગત રીતે તથા તમામ સભાસદોએ સાથે મળી કરવા–કરાવવાની રહેશે. જે અંગે વરસો–વરસ જરૂરી એવા એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ આપી મરામત કરાવવાની રહેશે.

૧૨. સદરહું તમો એકતરફવાળાને વેચાણ આપેલ આ સાથેના પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત અમો લખી આપનાર બીજીતરફવાળાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની છે અને તેમાં અમો બીજીતરફવાળા/જમીન માલિક તથા સંમતી આપનાર/ત્રીજીતરફવાળા સિવાય બીજા કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિત, સબંધ કે અધિકાર નથી. તેમજ તે અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, બાનાખત કે તેવા કોઈપણ પ્રકારના લેખથી લખી આપેલી નથી. તેમજ તે વેચાણ આપવાનો અમોને સંપુર્ણ હક્ક અને અધિકાર છે. તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીને સદર પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત સદર વેચાણ દસ્તાવેજથી તમો લખી લેનાર/ત્રીજીતરફવાળાને વેચાણ આપેલ છે. તેમજ સદર મિલ્કતના આપેલ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ મુજબ ટાઈટલ ચોખ્ખા અને ક્લીયર માર્કેટેબલ છે. તેમજ તમો એકતરફવાળાએ સદરહું યોજનાના ટાઈટલ તમારા વકીલ મારફતે ખેવટની ચકાસી લીધેલ છે. તેવીજ રીતે તમો એકતરફવાળાએ વેચાણ રાખેલ પરિશીષ્ટ વાળી મિલ્કત અંગે તેમજ અમો બીજીતરફવાળાની માલિકીની જમીન અંગે તથા તેમાં થયેલ બાંધકામ તથા અન્ય સવલતો–સગવડો અંગે ત્રીજીતરફવાળા દ્વારા સંપુર્ણ માહિતી આપવામાં આવેલ છે. તેમજ સદર યોજનાને લગતા તમામ દસ્તાવેજી કાગળો તમો એકતરફવાળાએ તમારા વકીલ પાસે જોવડાવી, ચકાસી લીધેલ છે અને તે બાબત સંપૂર્ણ સંતોષ મળવેથી તથા સદરહુ મિલ્કતની સ્થળ સ્થિતી તથા બાંધકામની ગુણવત્તા બાબતનો સંપુર્ણ સંતોષ થયેથી તમો એકતરફવાળાએ સદર પરિશિષ્ટવાળી મિલ્કત વેચાણ રાખેલ છે. આમ, હવેપછીથી સદરહું પરિશીષ્ટવાળી મિલ્કતની બાંધકામની ગુણવત્તાની તથા તેમાં વાપરવામાં આવેલ મટીરીયલ્સ અને સ્ટ્રકચર ડીઝાઈન, તેમજ સ્થળ–સ્થિતી મુજબની માપણી વિગેરે બાબત તમો એકતરફવાળાની કોઈ તકરાર રહેતી ન હોઈ તેવી તમો એકતરફવાળાએ બાંહેધરી આપતા અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજ કરી આપેલો છે.

૧૩. સદર તમો એકતરફવાળાને વેચાણ આપેલ મિલ્કતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે. તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપી આ સાથેના પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત તમો એકતરફવાળાને કાયમના માટે વેચાણ આપેલી છે.

૧૪. વધુમાં, સદર "Aarya Elite-2" નામની યોજનાનું The Real Estate (Regulation and Development) Act, 2016 મુજબ નિયમનકારી સત્તા મંડળ સમક્ષ નોંધણી કરાવવા અંગે રજુ કરેલ બાનાખતમાં જણાવેલ તમામ શરતો તથા નિયમો સદર યોજનામાં યુનીટ વેચાણ રાખનાર તમામ સભ્યો/મિલ્કતધારકોને બંધનકર્તા છે અને રહેશે.

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

<u>પરીશીષ્ટ</u>

<u>વેચાણ આપેલ મિલ્કતનુ વર્ણન</u>

રજી. ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે કલાલી ની સીમના બ્લોક/સર્વે નં. ૨૪૫, જેનો જુનો સ. નં. ૨૯૩ છે. જેનું ૭/૧૨ ના ઉતારા મુજબનું ક્ષેત્રફળ ૧–૪૨–૬૬ હે–આરે–ચો.મી. એટલે કે ૧૪,૨૬૬ ચો.મી. છે. તે બીનખેતીની જમીન છે. તે આખી જમીન પૈકી ૨૪૩૫.૦૬ ચો.મી. જમીન ૨૦ મીટરના રોડમાં તથા ૮૯૭.૭૫ ચો.મી. જમીન નાળીયા રોડના સેટ બેકમાં કપાત જતાં બાકી રહેતી ૧૦૯૩૩.૧૯ ચો.મી. જમીન પૈકીની દક્ષિણ દિશા તરફની ૯૮૧૨.૫૩ ચો.મી. જમીનમાં **"Aarya Elite-2"** નામની કોમર્શીયલ તથા રહેણાંક યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. સદર **"Aarya Elite-2"** નામની કોમર્શીયલ તથા રહેણાંક યોજનામા આવેલ ટાવર નં. _____ મા આવેલ **ફ્લેટ/દુકાન નં.** _______ **વાળી મિલ્કત,** જેના **કાર્પેટ એરીયાનું માપ ____ ચો.મી. છે, તેની બાલ્કનીનું માપ ____ ચો.મી. તથા તેના વોશ એરીયાનું માપ ____ ચો.મી. છે અને તેની સાથેની ટેરેશનું માપ _____ ચો.મી. છે. તેને વરાડે પડતા રોડ–રસ્તા અને કોમન પ્લોટનું માપ ______ ચો.મી. છે.** તે **ફ્લેટ/દુકાન નં.** _____ વાળી મિલ્કત અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી છે. જેની ચતુ: સીમા નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

<u>મિલ્કતનો ફોટોગ્રાફ</u>

મિલ્કતનું પોષ્ટલ સરનામું : ફ્લેટ/દુકાન નં. ____, ટાવર નં. ____,
"Aarya Elite-2", કલાલી, વડોદરા.

______________ ૧______________ ૨______________

મિલ્કત વેચાણ આપનાર   સંમતી આપનારની સહી

____

મિલ્કત વેચાણ લેનારની સહી

ઉપરના જણાવેલ ફ્લેટ/દુકાન નં. ____ વાળી મિલ્કત અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે.

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

આ વેચાણ દસ્તાવેજ અમો બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ તમો એકતરફવાળાને અમારી રાજી-ખુશીથી, અક્કલ હોંશીયારીથી, બીનકેફ અવસ્થામાં, વાંચી, વંચાવી, સમજી, વિચારી, કોઈપણ જાતની ધાક, ધમકી કે દબાણ વગર કરી આપેલો હોઈ, તે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદિને કબુલ મંજુર તથા બંધનકર્તા રહેશે.

____

(૧) કાંતીભાઈ પ્રેમજીભાઈ પટેલ
(૨) છોટાલાલ પ્રેમજીભાઈ પટેલ
(૩) રાકેશભાઈ કાંતિભાઈ પટેલ
નં. ૩ પોતેજાતે તથા નં. ૧ અને ૨ ના કુલમુખત્યાર તરીકે.
જમીન માલિકની સહી
બીજીતરફવાળા/વેચાણ આપનાર

સાક્ષીઓની સહી

૧______________

૨______________

Sudhapati Developers Private Limited
તર્ફે અને વતી તેના ડાયરેક્ટરો

____

(૧) શ્રી વાલજીભાઈ લક્ષ્મણભાઈ ભરવાડ

____

(૨) શ્રી કેયુર હસમુખભાઈ પટેલ
ત્રીજીતરફવાળા/સંમતી આપનાર

સાક્ષીઓની સહી

૧______________

૨______________

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

રજીસ્ટ્રેશન એક્ટ-૧૯૦૮ મુજબ સેક્શન ૩૨-એ પ્રમાણે શીડ્યુલ

એકતરફવાળા/વેચાણ લેનાર

બીજીતરફવાળા/વેચાણ આપનાર

---

(૧) કાંતીભાઈ પ્રેમજીભાઈ પટેલ
(૨) છોટાલાલ પ્રેમજીભાઈ પટેલ
(૩) રાકેશભાઈ કાંતિભાઈ પટેલ
નં. ૩ પોતેજાતે તથા નં. ૧ અને ૨ ના કુલમુખત્યાર તરીકે.
જમીન માલિકની સહી
બીજીતરફવાળા/વેચાણ આપનાર

Sudhapati Developers Private Limited
તર્ફે અને વતી તેના ડાયરેક્ટરો

---

(૧) શ્રી વાલજીભાઈ લક્ષ્મણભાઈ ભરવાડ

---

(૨) શ્રી કેયુર હસમુખભાઈ પટેલ
સમંતી આપનાર/ત્રીજીતરફવાળા

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

દસ્તાવેજ નં. __________, તા.   –   –૨૦૧૮

નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ

અ. નં.	લખી આપનાર કે તેઓના કુ.મુ. તથા સંમતિ આપનારને પુછવાના પ્રશ્ન	જવાબ (હા કે ના)
૧	લેખમાં દર્શાવ્યા મુજબ રજી. ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે કલાલી ની સીમનાં બ્લોક/સર્વે નં. ૨૪૫, જુનો સ. નં. ૨૭૩ વાળી બીનખેતીની જમીનમાં **"Aarya Elite-2"** નામની કોમર્શીયલ તથા રહેણાંક યોજનામાં આવેલ ફ્લેટ/દુકાન નં. વાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ?	હા
૨	લેખમાં દર્શાવ્યા મુજબ સદર ફ્લેટ/દુકાન નં. ____ વાળી મિલ્કત કે જેના કાર્પેટ એરીયાનું માપ ____ ચો.મી. છે, તેની બાલ્કનીનું માપ ચો.મી. તથા તેના વોશ એરીયાનું માપ ____ ચો.મી. છે અને તેની સાથેની ટેરેશનું માપ ____ ચો.મી. છે. તેને વર્ચાઇ પડતા રોડ–રસ્તા અને કોમન પ્લોટનું માપ ____ ચો.મી. છે. તે મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ?	હા
૩	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે ?	હા
૪	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ?	હા
૫	પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ?	હા
૬	પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યક્તિ/ઓએ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે ?	હા
૭	પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે ?	હા
૮	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો ?	હા

ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્ન

૧	દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિ/ઓ કે જેઓએ કબુલાત આપી છે તેઓને તમે જાતે ઓળખો છો ?	હા
૨	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિ/ઓ એક જ છે ?	હા
૩	કોઈ વ્યક્તિએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ?	હા

લખી આપનાર કે તેઓના કુ.મુ. ની સહી | **ઓળખાણ આપનારની સહી**

________________ | ________________

સંમતી આપનારની સહી | ________________

____

____

સહી________________

સબ–રજીસ્ટ્રાર (અકોટા),

વડોદરા–૩

SUDHAPATI DEVELOPERS PVT LTD.

Director

આપીને ખામી માટેનું વળતર મેળવવા હકદાર રહેશે. પરંતુ, તેવી ખામીઓ માટે બીજીતરફવાળાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય અથવા તેવી ખામીઓ માટેનું કારણ બીજીતરફવાળાના નિયંત્રણ બહાર હોય અથવા તેવી ખામી બીજીતરફવાળાને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય તો તેવી કોઈપણ સ્ટ્રક્ચરલ ખામી, કારીગરી, સેનાની એજન્સી અંગેની ગુણવત્તા અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી તથા બીજીતરફવાળા કે તેઓના થકીના કોઈપણ ઇસમ દ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે તો બીજીતરફવાળા બીજીતરફવાળાને વળતર ચૂકવી આપવાપાત્ર બનશે નહિ કે તેવી ખામી પોતાના ખર્ચે દૂર કરવાની બીજીતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહિ. બીજીતરફવાળા દ્વારા બીજીતરફવાળાને સ્વતંત્ર રીતે તથા બાકીના તમામ સભાસદોના સહિયારા વપરાશ માટે આપવામાં આવેલ સેવા, એમેનીટીઝ, કોમન ફેસીલીટીઝની જાળવણી બીજીતરફવાળાએ વ્યક્તિગત રીતે તથા તમામ સભાસદોએ સાથે મળી કરવા-કરાવવાની રહેશે. જે અંગે વરસો-વરસ જરૂરી એવા એન્યુઅલ મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ આપી મરામત કરાવવાની રહેશે.

૭.૫ **મિલકતને નુકશાન**

a) જો બીજીતરફવાળા દ્વારા બિલ્ડીંગના કોઈપણ ભાગમાં ચીઝલીંગ, વાઈબ્રેટીંગ, ડ્રીલીંગ, કોર કટીંગ કે અન્ય કોઈપણ રીતે ફેરફાર કરવામાં આવે કે કોઈપણ પ્રકારની તોડફોડ કરવામાં આવે અને આવા ફેરફાર કે તોડફોડના કારણે બિલ્ડીંગ કે તેનો કોઈ ભાગ તુટી જાય કે બિલ્ડીંગના કોઈ ભાગનું સ્ટ્રક્ચર નબળું પડી જાય અને તેના કારણે કોઈ અકસ્માત કે જાનહાની થાય તો તેના માટે એકતરફવાળા તથા બીજીતરફવાળાને જવાબદાર ઠેરવી શકાશે નહિ અને એકતરફવાળા તથા બીજીતરફવાળા આવી ખામી કે નુકશાનને રીપેર કરવા જવાબદાર ગણાશે નહિ.

b) કોઈપણ પ્રકારની કુદરતી આપત્તીઓ એટલે કે ધરતીકંપ, વરસાદના પુર, આગ, વાવાઝોડું વિગેરે તથા માનવસર્જીત આપત્તીઓ જેવી કે તોફાનો, રમખાણો, આતંકવાદ, આગ લાગવાથી વિગેરેના કારણે તથા બીજીતરફવાળાના કારણે બિલ્ડીંગ કે તેનો કોઈપણ ભાગ તુટી જાય કે બિલ્ડીંગના કોઈ ભાગનું સ્ટ્રક્ચર નબળું પડી જાય અને તેના કારણે કોઈ અકસ્માત કે જાનહાની થાય કે બીજીતરફવાળાની મિલકતને અને/અથવા બિલ્ડીંગને કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો તેના માટે એકતરફવાળા તથા બીજીતરફવાળાને જવાબદાર ઠેરવી શકાશે નહિ અને એકતરફવાળા તથા બીજીતરફવાળા આવી ખામી કે નુકશાનીને રીપેર કરવા અથવા કોઈપણ પ્રકારના ક્લેઈમને ભરપાઈ કરવા માટે જવાબદાર રહેશે નહિં કે ગણાશે નહિ.

c) સદરહું આ સાથેના પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી જમીનમાં "Aarya Elite-2" એ નામની કોમર્શીયલ તથા રેસીડેન્ટ યોજનાનું આયોજન કરવામાં આવેલું છે. અને સદરહું "Aarya Elite-2" એ નામની યોજનાનો વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળમાંથી પ્લાન મંજુર કરાવેલ નકશા પ્રમાણે તેમાં દર્શાવેલી વિગતો મુજબ જ બાંધકામ કરવાનું છે. સદર યોજનાના તમામ એપાર્ટમેન્ટોના એલીવેશન કે તેની કોઈપણ દીવાલોમાં ફેરફાર કરવાનો તમો બીજીતરફવાળાને કોઈપણ જાતનો હક્ક કે અધિકાર નથી તેમજ

SUDHAPATI DEVELOPERS PVT LTD

Director